# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે,સરસાણા, સુરત– ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

---

રેફ નં. તા: ૩૦/૦૬/૨૦૨૨

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# વડાપ્રધાન દ્વારા નવી કેન્દ્રીય એમએસએમઇ પોલિસીનું વિમોચન

**સુરત.** નવી દિલ્હી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા નવી કેન્દ્રીય એમએસએમઇ પોલિસીનું વિમોચન કર્યુ હતું. આ કાર્યક્રમમાં વડાપ્રધાનની સાથે કેન્દ્રીય એમએસએમઇ મંત્રી નારાયણ રાણે અને એમએસએમઇ રાજ્ય મંત્રી ભાનુપ્રસાદ વર્મા પણ ઉપસ્થિત રહયા હતા. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીને મળેલા આમંત્રણને પગલે ચેમ્બરની ગવર્મેન્ટ સ્કીમના ચેરમેન સીએ રાજીવ કપાસિયાવાલા આ કાર્યક્રમમાં હાજર રહયા હતા.

નવી કેન્દ્રીય એમએસએમઇ પોલિસીની સાથે વડાપ્રધાન દ્વારા RAMP કે જે વર્લ્ડ બેંક અસિસ્ટેડ સ્કીમ છે તથા કેપેસિટી બિલ્ડીગ ઓફ ફર્સ્ટ ટાઇમ એક્સપોર્ટર્સ અને પીએમએજીપીની નવી સ્કીમનું વિમોચન કરવામાં આવ્યું હતું. RAMP સ્કીમ કુલ ૬૦૦૦ કરોડની સ્કીમ છે અને કેપેસિટી બિલ્ડીગ ઓફ ફર્સ્ટ ટાઇમ એક્સપોર્ટર્સમાં સરકાર દ્વારા જે ઉદ્યોગકારોને પોતાની પ્રોડકટ એક્સપોર્ટ કરવી હોય તેને મદદરૂપ થવા માટે એક ખાસ સેવાકીય પોર્ટલ ચાલુ કરવામાં આવશે. જેના થકી એમએસએમઇ ઉદ્યોગકારો પોતાના માલ – સામાન માટે વિદેશમાં ગ્રાહક શોધી શકશે.

એક્સપોર્ટ કરવાની ઇચ્છા ધરાવતા ઉદ્યમીઓને શક્ય તમામ મદદ કેન્દ્ર સરકારની આ સ્કીમ હેઠળ પૂરી પાડવામાં આવશે. તદ્દુપરાંત નવી પીએમઇજીપી સ્કીમમાં ઉત્પાદન કરતા એકમો માટે રૂપિયા ૨૫ લાખની જગ્યાએ રૂપિયા ૫૦ લાખ સુધીના પ્રોજેક્ટ કવર થશે તથા સર્વિસ સેકટરમાં રૂપિયા ૧૦ લાખની જગ્યાએ રૂપિયા ૨૦ લાખ સુધીના પ્રોજેક્ટ કવર થશે.